# તલાટીની પરીક્ષા પૂર્વે ઉમેદવારોની આકરી પરીક્ષા

## ઓનલાઈન ફોર્મ ભરવા માટે સાઈટ જામ : સાયબર કાફેમાં મોડીરાત સુધી ઉમેદવારોની કતાર : પોષ્ટ કર્મચારીઓમાં સ્ટાફની આડોડાઈ અને અવ્યવસ્થાથી અરજદારો ત્રાહીમામ

### તલાટી પણ ઓફિસમાં હાજર રહેતા નથી !

તલાટીની ભરતી પ્રક્રીયાને લઈ નોન ક્રિમીલીયર સર્ટીફિકેટ મેળવવા માટે પણ ઓ.બી.સી. ઉમેદવારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. તલાટીની સહી સિક્કા માટે પણ ગુડાની કચેરીમાં આજે ઉમેદવારોની લાઈન લાગી હતી. આ દરમિયાન તલાટીઓ કચેરીમાં હાજર ન હોવાથી પણ અરજદારોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. આસપાસના ગામના તલાટી પણ છેલ્લા અઠવાડીયાથી ઓફીસમાં હાજર ન રહેતા હોવાથી આમ નાગરિકો પરેશાનીમાં મુકાઈ ગયા છે.

### અમારી ઓફિસ છે જે કરવુ હોય તે કરીએ..!!

તલાટીની પરીક્ષાની ફોર્મની સાથે ચલણ ભરવા માટે સેક્ટરોની પોસ્ટ ઓફિસમાં ઉમેદવારોની કતાર જોવા મળે છે. કલાકો સુધી લાઈનમાં ખૂંપેલા રહ્યા બાદ પણ ઘણા ઉમેદવારો માટે ચલણ ભરવાનું કામ મુશ્કેલ બન્યું છે. સે. ૨૪ની પોસ્ટ કચેરીઓ આજે ચલણ ભરપાઈ કરવા લાંબો સમય કતારમાં ઉભા રહેલા અરજદારોએ કચેરીના સ્ટાફને કાર્યવાહી શરૂ કરવા વિનંતી કરી ત્યારે પોષ્ટ કચેરીના કર્મચારીઓ તેમના પર તાડુક્યા હતા. અમને ફાવે ત્યારે કામ કરીશું અમારી ઓફિસ છે. જે કરવું હોય તે કરીએ તેમ કહી થોડા સમય માટે દરવાજો પણ બંધ કરી દીધો હોવાનું ઉમેદવારોએ જણાવ્યું હતું.







ગાંધીનગર, તા. ૨૮

તલાટી તેમજ ક્લાર્કની પરીક્ષાને લઈ ફોર્મ અને ચલણ ભરવાની પ્રક્રીયા ઉમેદવારો માટે તોબારૂપ બની ગઈ છે. ચલણ ભરવા માટે પોસ્ટ ઓફિસોમાં ઉમેદવારોની લાંબી કતારનો અંત આવતો નથી. બીજીતરફ ઓજસની બન્ને સાઈટો જામ થઈ જતા શહેરના ખાનગી સાયબરકાફે પર મોડી રાત્રે ફોર્મની પૂર્તતા માટે અરજદારોની લાઈન લાગે છે. પરંતુ પોષ્ટ કચેરીઓના સ્ટાફની મનસ્વી વર્તણુંક અને છાશવારે સાઈટ જામ અને સર્વર ડાઉન થતા રાત્રિના ઉજાગરા બાદ પણ અરજદારો આ પ્રક્રીયા પાર કરી શકતા નથી. ટલાટીની પરીક્ષા પૂર્વે જ ઉમેદવારો માટે સમયસર ફોર્મ ભરવાની પ્રક્રીયા જ આકરી કસોટીરૂપ બની છે ! નવાઈની વાત તો એ છે કે આ અવ્યવસ્થા નિવારવા જવાબદાર તંત્ર દ્વારા પણ કોઈ પગલા લેવાતા નથી. જેના પરિણામે પરીક્ષા માટે ઉત્સુક ઉમેદવારો દીશાવિહીન બન્યા છે !!

તલાટીની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદત તા. ૩૦ જાન્યુઆરી સુધીની હોવાથી છેલ્લા દિવસોમાં ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળે છે. તેમાંય શરૂઆતથી જ ઓનલાઈન ફોર્મ સુપ્રત કરવા તેમજ પોષ્ટ કચેરીઓમાં ચલણ ભરવાની નબળી વ્યવસ્થાના લીધે દિવસોના અંતે પણ અરજદારોને માત્ર કતારમાં રહેવાનો જ વારો આવ્યો છે. તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ ક્લાર્કની ભરતી માટે પણ આગામી તા. ૫ ફેબ્રુઆરી સુધીમાં ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ કરી દેવાની હોવાથી તેના ચલણ ભરવા માટે પણ ઉમેદવારોનો ધસારો બેવડાયો છે. છેલ્લા દિવસોમાં પરીક્ષામાં અપીઅર થવા માંગતા ઉમેદવારોએ કફોડી સ્થિતિમાં મુકાવવાનો વારો આવ્યો છે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે ઓજસની બન્ને સાઈટ વારંવાર જામ થઈ જતા ઉમેદવારોએ રાતના ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. શહેરના સાયબર કાફેમાં રાત્રિના ૨ વાગ્યા સુધી ફોર્મ ફીલઅપ કરવા માટે અરજદારોએ ફાંફા મારવા પડે છે. દિવસની ભીડ બાદ રાત્રિના ઉજાગરાના અંતે પણ કેટલાક ઉમેદવારોનો મેળ પડતો નથી. દિવસ-રાતની દોડધામ ઉજાગરાના અંતે પણ ફોર્મની કાર્યવાહી માંડ

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૧૩ અને ૨૭ રંગમંચોનું ૬૦ લાખના ખર્ચે રીનોવેશન

### દાયકાથી ખંડેર ભાસતા રંગમંચોને નવા રૂપરંગ અપાશે

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં દાયકાઓના અંતે જાળવણી અને ઉપયોગના અભાવે ખંડેર બનતા રંગમંચની સુધારણા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે જેને અનુલક્ષી સે. ૧૩ અને સે. ૨૭ના રંગમંચને પણ નવીનરૂપરંગ આપવામાં આવશે. આ કાર્યયોજના અન્વયે અંદાજિત રૂ. ૬૦ લાખનો ખર્ચ થશે.

શહેરમાં છેલ્લા ચાર દાયકાથી અસ્તિત્વ ધરાવતા રંગમંચમાં જાળવણીના અભાવે ખંડેર બન્યા છે. જ્યારે જાળવણીના અભાવ વચ્ચે યોગ્ય ઉપયોગ ન થતા સેક્ટરોમાં નિર્માણ કરાયેલા રંગમંચોનો કોઈ હેતુ સરતો નથી. આ સ્થિતિ વચ્ચે છેલ્લા કેટલાય વર્ષોથી રંગમંચોમાં છાનાપૂર્ણ અસામાજિક પ્રવૃત્તિઓનું દૂષણ પાંગરતુ હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉદ્ભવી છે. આવા સંજોગોમાં રંગમંચોનો બહુહેતુક ઉપયોગ થાય તેવી પણ માંગણી ઉદ્ભવી છે. એક જમાનામાં સેક્ટરોમાં કલાકારોને સ્ટેજ પુરૂ પાડવા નિર્માણ કરાયેલા રંગમંચો અસામાજિક પ્રવૃત્તિનો અડ્ડો બનતા સ્થાનિક નાગરિકોમાં પ્રબળ રોષ પ્રર્ત્યો છે. આ સ્થિતિને ધ્યાને લઈ રંગમંચોના રીનોવેશનનું કામ અનિવાર્ય થઈ પડ્યું છે. બીજીતરફ તેનો યોગ્ય ઉપયોગ થાય તે માટે પણ જરૂરી સુધારણા લાવવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૧૩ અને સે. ૨૭ના રંગમંચની ખંડેર હાલત સુધારવા ૬૦ લાખના ખર્ચે રીનોવેશનનું કામ હાથ ધરવામાં આવશે. જેમાં ફલોરીંગ, ટોયલેટ બ્લોક, વિદ્યુતિકરણ તેમજ કલાકારો માટેના ગ્રીનરૂમ અને બારીબારણાનું કામ હાથ ધરવામાં આવશે. આ મામલે ટુંકમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. ત્યારબાદ કામગીરી શરૂ કરી દેવાશે.

# ચારેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાશે

## રાજ્યસભા માટે ભાજપના ત્રણ-કોંગ્રેસના એક ઉમેદવારે તેમના નામાંકન પત્ર અગ્રણીઓની ઉપસ્થિતિમાં રજુ કર્યા



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યસભાની ગુજરાતની ચાર બેઠકો માટે તા. ૭મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી ચૂંટણી આજે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લા તારીખે ભાજપના ત્રણ અને કોંગ્રેસના એક ઉમેદવાર પક્ષના અગ્રણીઓની હાજરીમાં તેમના નામાંકન પત્ર દાખલ કર્યા હતા. ગુજરાત વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલ સમક્ષ આજે કોંગ્રસના ઉમેદવાર મધુસુદન મિસ્ત્રીએ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ તથા અન્ય અગ્રણીઓની હાજરીમાં ઉમેદવારીપત્ર રજુ કર્યું હતું. જ્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આજે શંભુપ્રસાદ ટુંડીયા, ચુનીભાઈ ગોહિલ અને લાલસિંહ વડોદીયાએ ગુજરાતમાંથી રાજ્યસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકેના ઉમેદવારીપત્રો ભર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ ભાજપા અધ્યક્ષ આર.સી. ફળદુ અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, નાણામંત્રી નીતિન પટેલ, મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જામંત્રી સૌરભ પટેલ, વન પર્યાવરણમંત્રી ગણપતસિંહ વસાવા અને કૃષિ મંત્રી બાબુભાઈ બોખીરીયા ઉપરાંત રાજ્યમંત્રીઓ, વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલ, વિધાનસભાના મુખ્યદંડક પંકજ દેસાઈ, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ હોદ્દેદારો તથા સમર્થકો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ તથા કોંગ્રેસના ચાર ઉમેવાદરોએ જ ઉમેદવારીપત્રો ભર્યા હોવાથી આ ચારેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાશે. રાજ્યસભાના ઉમેદવારીપત્રો ભરવાના સમયે બંને પક્ષોના મહારથીઓ હાજર રહેતા રાજકીય ચડસાચડસી દેખાઈ આવતી હતી. કાર્યકરો અને ઉમેદવારો ભારે જુસ્સામાં પોતાના પક્ષની નીતિની દલીલો કરતા હતા. વરણી પામેલા ઉમેદવારોને વિજય જેટલા જ અભિનંદન સૌના તરફથી મળતા હતા. ૭મી તારીખે વિધિવત રીતે ચારેય ઉમેદવારો બિનહરીફ વિધિવત જાહેર થશે. પરંતુ આજથી જ રાજ્યસભાના સભ્ય બન્યા હોય એવી લાગણી ચારેય ઉમેદવારો અનુભવતા હતા.




# 'આપ'ની ઝાડુ યાત્રા ૩૦મીએ ગાંધીનગર ફરશે

### મહાત્મા મંદિર ખાતે ઝાડુ યાત્રાનું સમાપન

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતની તમામ લોકસભાના બધાજ વિધાનસભા વિસ્તારોમાં ૨૬ જાન્યુઆરીના રોજ આમ આદમી પાર્ટીની ફરેલી ઝાડુ યાત્રા ૨૯ જાન્યુઆરીએ સાંજે ગાંધીનગર આવી પહોંચશે. અને તા. ૩૦ જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર ખાતે સંપન્ન થશે.

**આજે સવારે પંચદેવ મંદિરથી ઝાડુ યાત્રા નિકાળશે**

આમ આદમી પાર્ટી, ગાંધીનગર દ્વારા બુધવારે સવારે ૮.૩૦ કલાકે પંચદેવ મંદિર, સે. ૨૨ થી લોકજાગૃતિ અભિયાનના ભાગરૂપે ઝાડુયાત્રાનું આયોજન કરવામાં આવ્યુંછે. ઝાડુયાત્રા ગાંધીનગર તથા આસપાસના જુદા જુદા ગામડાઓમાં ફરશે.

સમગ્ર ગુજરાતનાં તમામ વિસ્તારોમાં આમ આદમી પાર્ટીના વિચારો લોકો સુધી પહોંચાડવાના હેતુથી ફરી રહેલી ઝાડુ યાત્રાને અભુતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે જે વ્યક્તિને રાજકારણ સાથે ન્હાવા નિચોવવાનો સંબંધ નથી તે વ્યક્તિઓ પણ આ યાત્રામાં જોડાયા છે ત્યારે આ યાત્રાનું સમાપન ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં કરવામાં આવશે. ૨૯મી જાન્યુઆરીએ યાત્રા ગાંધીનગર આવી પહોંચશે અને ૩૦મીએ સવારે ૯ વાગ્યાના અરસામાં ગાંધીનગર કાર્યાલયથી ઝાડુ યાત્રા નિકાળવામાં આવશે જ્યારે મહાત્મા મંદિર ખાતે યાત્રાનું સમાપન કરાશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર પ્રકાશ લાલાની આઈએનટી નાટ્ય સ્પર્ધાના નિર્ણાયક તરીકે નિમાયા

## રાજ્યકક્ષાની પ્રતિષ્ઠિત નાટ્ય સ્પર્ધામાં પ્રકાશ લાલાની વરણીથી ગાંધીનગર ગૌરવ અનુભવે છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના મહામંત્રી શ્રી પ્રકાશ લાલા પ્રતિષ્ઠિત આઈએનટી એકાંકી નાટ્યસ્પર્ધામાં નિર્ણાય તરીકે નિમાતા નગરના કલાક્ષેત્રનું ગૌરવ વધ્યુ છે. ગાંધીનગરની



નાટ્યપ્રવૃત્તિ સાથે છેલ્લા સાડા ત્રણ દાયકાથી ઓતપ્રોત રહેતા શ્રી પ્રકાશ લાલાએ અનેક નાટકો અને ગુજરાતી સિરીયલોમાં અભિનયના અજવાળા પાથર્યા છે. બાર નાટકોમાં ત્રણ વખત સાહિત્ય અકાદમીના પુરસ્કાર પ્રાપ્ત કરનાર શ્રી પ્રકાશ લાલા ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટિંગના ડાયરેક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

ગાંધીનગરમાં અને ગુજરાતમાં નાટ્ય પ્રવૃત્તિ ક્ષેત્રે ખુબ મોટુ યોગદાન આપનાર શ્રી પ્રકાશ લાલાએ અનેક નાટકોનું દિગ્દર્શન પણ સંભાળ્યું છે. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સમયે કલ્ચરલ ફોરમના મહાનાટક 'જય જય ગરવી ગુજરાત'નું દિર્ગદર્શન પણ પ્રકાશ લાલાએ કુશળતાપૂર્વક સંભાળ્યું હતું. માહિતી વિભાગમાંથી સંયુક્ત નિયામક પદેથી નિવૃત્ત થયા બાદ ગુજરાતી ભાષાના લોકપ્રિય માસિક અખંડાનંદનું સંપાદન પણ તેઓશ્રી સંભાળી રહ્યા છે. નગરની નાટ્ય ઉપરાંત નાની-મોટી તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શ્રી પ્રકાશ લાલાનું યોગદાન નિર્ણાયક અને મહત્વનું રહ્યું છે. આઈએનટી એકાંકી સ્પર્ધા જેવી રાજ્ય કક્ષાની પ્રતિષ્ઠાજનક સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રકાશ લાલાની વરણી થતા સમગ્ર ગાંધીનગર ગૌરવ અનુભવે છે.

### ખૂણે... ...ખાંચરેથી

- સ્વર્ણિમ સંકુલ-૨ની આજે માર્ગ મકાન મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે મુલાકાત લઈ સુવિધાઓ સહિતની બાબતોની સમીક્ષા કરી હતી.
- વિધાનસભા ભવનમાં રાજ્યસભાના ઉમેદવારીપત્રો ભરવા માટે આવેલા ભાજપના સમર્થકોને પાપડીનો વિશેષ નાસ્તો આપવામાં આવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના તંત્ર દ્વારા ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર તૈયાર કરવાની કવાયત આજથી હાથ ધરવામાં આવી છે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે રાજયના ૧૮ હજાર ગ્રામ વિસ્તારોમાંથી લોખંડ મેળવવાની કામગીરી ૧૦ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરાશે.
- ગાંધીનગર જિલ્લામાં વિજ્ઞાન-ગણિત વિષયના ૧૮૮ વિદ્યાસહાયકો આજે હાજર થતાં તેમને સ્થળ પસંદગી બાદ નિમણુંક પત્રો આપી દેવામાં આવ્યા છે.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com